ગાંધીનગર સમાચાર
તા. ૪-૮-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### મોદી સરકાર માટે નટવર વરદાનરૂપ

કુંવર નટવરસિંહ ટીવી ચેનલો સહિત મીડિયા પર સતત છવાયેલા રહ્યા છે. 'વન લાઇફ ઇઝ નોટ ઇનફ' - એક જિંદગી પૂરતી નથી એવા શીર્ષક હેઠળ પોતાની આત્મકથા લખનાર આ રઝળતા રાજવી કોંગ્રેસના નામે જ છેક વિદેશમંત્રી જેવા ઊંચા હોદ્દે પહોંચ્યા હતા અને પાર્ટીએ એમને અવગણ્યા ત્યારથી એવા દૂભાયેલા હતા કે જેવી યુપીએ સરકાર ગઇ એવી આત્મકથા છપાવી દીધી. એમણે અત્યાર સુધી વેઠેલું દર્દ એક સામટું ફૂટી નીકળ્યું. તેથી કોંગ્રેસના પશ્ચાતવર્તી ચરિત્રનું સાચું ચિત્ર સાંપડે છે. ભરતપુરના રાજવી પરિવારના આ રાજપુરૂષ નહેરુથી લઇ મનમોહનસિંહ સુધીની કોંગ્રેસના જીવતા જાગતા સાક્ષી છે. એમણે નહેરુ-ગાંધી પરિવારના વફાદાર તરીકે ઘણી મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી છે. પરંતુ છેલ્લે એમની જે ઉપેક્ષા થઇ એ કોઇ પર માણસને વેર વાળવા મજબૂર કરે એ બરની હતી. સોનિયા ગાંધીએ એમને હાંસિયે ધકેલી દીધા પછી કયારેય યાદ નહોતા કર્યા, પરંતુ એ વિચક્ષણ રાજનીતિજ્ઞ પાસે સંસ્મરણોનું દસ્તાવેજી ભાથું હતું અને કલમ પણ હતી. સોનિયા - રાહુલને પડતા પર પાટુ મારતા હોય એમ નટવરસિંહે એમનાં કેટલાક જીવનપ્રસંગો અને પારિવારીક જીવનની વાતો જાહેર કરી છે. સોનિયાને રાહુલ ગાંધીએ જ વડાપ્રધાન નહોતા બનાવી દીધા, કારણ કે એમને ડર હતો કે જો એ પદ સ્વીકારશે તો સોનિયા ગાંધીની પણ રાજીવ અને ઇન્દિરા ગાંધીની જેમ કરપીણ હત્યા થઇ જશે. રાહુલ ગાંધીની હઠ કામ કરી ગઇ હતી અને કહ્યાગરા કંથ જેવા મનમોહનસિંહને એ પદ પર 'ગોબર ગણેશ' બનાવી સ્થાપી દેવાયા હતા. મનમોહનસિંહની નિષ્ઠા અને સ્વચ્છ ઇમેજ વિશે કે અર્થશાસ્ત્રી તરીકેની પ્રતિષ્ઠા બાબતે નટવરસિંહ ઘણો ઊંચો અભિપ્રાય ધરાવે છે, પરંતુ સાથે જ એમને 'સ્પાઇનલેસ' - કરોડ વિહોણા વડાપ્રધાન કહી ઉતારી પણ પાડ્યા છે. સોનિયા ગાંધીને શક્તિશાળી નેતા તરીકે સ્વીકારનારા નટવર સ્વીકારે છે કે કોંગ્રેસ પાસે આ પરિવાર સિવાય અન્ય કોઇ જ નેતા નથી જે એને રાષ્ટ્રીય સ્તરે સ્વીકાર્ય હોય. વંશાનુગત રાજકારણનો થતો આક્ષેપ પણ એમને નકાર્યો છે કારણ કે નહેરુથી લઇ રાહુલ સુધીના બધા જ નેતાઓ ચુંટાઇને આવ્યા છે. મનમોહન ખરાબ રીતે હારી ગયા પછી પણ સોનિયાને સારું લગાડવા આજ્ઞાંકિત સેવકની જેમ રાજયસભામાં હાજરી આપે છે એની પણ નટવરસિંહે મજાક ઉડાવી છે.મનમોહન અને મોદીની સરખામણી એમને મોદી ઘણા સશક્ત અને લાયક વડાપ્રધાન લાગ્યા છે. મોટી માટે નરવરસિંહની આત્મકથા આશીર્વાદરૂપ નીવડી છે. એમને મા-બેટાની સરકાર વિશે જે વાતો કરી હતી એનું મનમોહનની આત્મકથામાં આડકતરું સમર્થન સાંપડે છે. વળી પંડિત નહેરુની વિદેશનીતિ વિશેનો નટવરસિંહનો અભિપ્રાય પણ મોદી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિચારને મળતો આવે છે. નહેરુએ કરેલી ભૂલોનો અત્યારે એકરાર કરનારા નટવરસિંહ વર્ષો લગી કોંગ્રેસના હોદ્દેદાર અને સરકારમાં મંત્રી રહ્યા ત્યારે એમને નહેરુ વિરૂદ્ધ હરફ સરખો ઉચ્ચાર્યો નથી. એ દૃષ્ટિએ નટવરસિંહે વિભીષણનો જ પાટ ભજવ્યો છે. હવે સોનિયા ગાંધીએ એમના દ્વારા કરાયેલ આક્ષેપોનો જવાબ આત્મકથા લખીને જ આપવાની વાત કરી છે ત્યારે આગામી દિવસોમાં કોંગ્રેસનો આંતર કલહ બહાર આવ્યા વિના રહેવાનો નથી. વિશ્વનેતા બનવાની ઝંખના ધરાવતા વડાપ્રધાન મોદી માટે આથી વધારે તો નટવરસિંહ શું કરી શકે એમ હતા?

## નર્સિંગની વિદ્યાર્થીનીઓને વિદાય અપાઈ



કડી વિશ્વ વિદ્યાલય સંચાલિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં છેલ્લા વર્ષ બી.એસ.સી. અને પોસ્ટ બેઝીક બી.એસ.સી. નર્સિંગની વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓ વચ્ચે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી તેમજ નાટક પણ યોજાયું હતું. પ્રિન્સિપાલ રવિનાબેને વિદ્યાર્થીનીઓને યાદગીરી રૂપે મોમેન્ટો આપી ઉજવળ ભવિષ્ય માટે આશીર્વાદ આપ્યા હતા.

## મધ્યાહન ભોજન તૈયાર કરવા હવે આધુનિક રસોડાનો પ્રારંભ

અમદાવાદ,તા. ૩

અક્ષયપાત્ર ફાઉન્ડેશન દ્વારા અમદાવાદના બાડજમાં રસોડાની શરૂઆત કરાઈ છે. જેનો લાભ ૧.૩ લાખ બાળકોને મળશે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે આ રસોડાનું ઉદ્‌ઘાટન કરાયુંહતું. જેમાં મહિલા અને બાળ વિકાસમંતારી વશુબેન ત્રિવેદી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વિશાળ અને ગ્રેવિટી ફ્લો સિસ્ટમ પર આધારિત આ ત્રણ માળનું રસોડુ પાંચ કલાકથી પણ ઓછા સમયમાં બે લાખ બાળકો માટે જમવાનું બનાવવા માટે સક્ષમ છે.

વિદ્યાર્તીઓ માટેની મિડ-ડે ભોજન યોજના અંતર્ગત અમદાવાનદા ભાડજમાં રસોડાની શરૂઆત કરાઈ છે. જેનો લાભ ૧.૩ લાખ બાળકોને મળશે. રસોડામાં આવેલું અત્યાધુનિક રોટી-મેકિંગ મશીન માત્ર એક જ કલાકમાં ૬૦ હજાર રોટલી તૈયાર કરવાની ક્ષમતા ધરાવે છે. અહીં બોઈલર્સ, રાઈસ ક્લિનિંગ મશીન્સ, કોલ્ડ સ્ટોરેજ, કસ્મ્ટ મેડ વાસણો અને કન્વેયર બેલ્ટ સહિત પેકિંગ તથા ડિસ્ટ્રીબ્યુશન જેવી સુવિધાઓ છે. અહીં તૈયાર થયેલું ભોજન હિટ-ઈન્સ્યુલેટેડ અને ડસ્ટ ફ્રી વેન્સમાં શાળાઓ સુધી પહોંચાશે. જેનો લાભ ૬૬૬ સરકારી શાળાઓમાં ૧.૩ લાખ બાળકો સુધી પહોંચશે. આ રસોડામાં રોજ અંદાજે ૪.૫ ટન ચોખા, ૮ ટન શાકભાજી અને ત્રણ ટન દાળનો વપરાશ થશે. ગુજરાતના બાળકોને ધ્યાનમાં રાખીને અમદાવાદના રસોડાની બેકરીમાં ઘઉંની કૂકીઝ જેવી બેકરી આઈટમ્સ પણ તૈયાર કરવામાં આવે છે. રસોડાના ઉદ્‌ઘાટનમાં પહોંચેલા આનંદીબેન પટેલે કહ્યું હતું કે, મારી મુખ્યમંત્રી તરીકે વરણી થઈ તે વખતે જે આનંદ થયો હતો તેના કરતા પણ વધારે આનંદ આ રસોડાની શરૂઆતથી થઈ છે.

## ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડને અંબર ચરખા - હાથશાળની સહાય પેટે એક કરોડની મંજુરી

ગાંધીનગર, તા. ૩

ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અમદાવાદે ખાદી અને ગ્રામોદ્યોગ ક્ષેત્રે ગ્રામ્ય કક્ષાએ રોજગારી પુરી પાડવાનું કામ કરે છે. ખાદી બોર્ડની લાંબી રજુઆતના અંતે મઉખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ, નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલ દ્વારા ખાદી ગ્રામોદ્યોગ બોર્ડને ૧૦૦૦ નંગ અંબર ચરખા તથા ૧૦૦ નંગ હાથશાળો કારીગરો/ સંસ્થાઓ આપવા માટે રૂ. ૧૦૦ લાખની નવી બાબત મંજુર કરવામાં આવેલ છે. જેનાથી ગ્રામ્યકક્ષાએ કાંતનાર અને વણનારને રોજગારીનો લાભ મળશે. ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેન શ્રી વાડીભાઈ પટેલ, મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલ અને નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલનો આભાર માન્યો હતો.

## સાયન્સ સેમિનારમાં આર.સી. પટેલ સ્કુલના બે વિદ્યાર્થીઓએ બીજો ક્રમ મેળવ્યો

ગાંધીનગર, તા.૩

શ્રીમતી આર.સી. પટેલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલમાં ધો-૧૦ના બે વિદ્યાર્થીઓ ભોજક ઝીલ અનિલકુમાર અને દાવડા હિરલ કિશોરભાઈએ તા. ૧-૮-૧૪ના રોજ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા યોજાયેલ નેશનલ સાયન્સ સેમિનારમાં 'પડકારો અને શકયતાઓ' વિષય પર ભાગ લઈ બીજો ક્રમ પ્રાપ્ત કરેલ છે અને આ બંને વિદ્યાર્થીનીઓ રાજય કક્ષાએ પસંદગી પામેલ છે અને રાજય કક્ષાએ ભાગ લેશે. આ બંને વિદ્યાર્થીનીઓને આચાર્ય અને શાળા પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



## સે. ૭ ચૌધરી પ્રાથમિક શાળાનું ગૌરવ

તાજેતરમાં જિલ્લાકક્ષાની ટેકવેન્ડો સ્પર્ધામાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ધોરણ-૫ માં જયદિપ વાઘેલા, ધોરણ-૭ ની ઈશિતા પરમાર અને ધોરણ-૮ની દિવ્યા વડેખણિયાએ પ્રથમ નંબર મેળવ્યો છે. ત્રણે વિદ્યાર્થીઓને આચાર્યા અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

## હેપ્પી ફ્રેન્ડશિપ ડે !!

આજે મૈત્રીનો દિવસ
શુભેચ્છા આપીને, લઈને
મૈત્રી પાક્કી કરવાનો દિવસ...
પણ, આજે નિશ્ચય કર્યો
કોઈનેય શુભેચ્છા નહી આપવાની
માત્રે શુભેચ્છાઓ લેવાની જ...
એટલે કે આ બધું
મનથી કહો કે જીદથી કહો
પણ નક્કી કર્યું... બસ !!
થોડીવાર આ જીદે પરેશાન કર્યો
થોડો હેરાન પણ થયો
અહીંથી ત્યાં, ત્યાંથી અહીં
આંટા મારતો રહ્યો...
અચાનક મારાં પગલાં
અરિસા બાજુ ગયાં
અરિસામાંનો પેલો બોલ્યો...
અરે, રિલેક્સ દોસ્ત
ઈટ્સ ઓકે, કોણ મિત્ર ?
એટલું જ નક્કી કર, બસ !!
સાચાં મિત્રો સુધી પહોંચ
કેટલાંક મિત્રોની સ્નેહની
ગાંઠ ઢીલી હશે, પણ કેટલાંક
મિત્રોની ફ્રેન્ડશિપ બેલ્ટ
બાંધ્યા વગર મજબુત થશે !!
હળવાં થઈ, સ્માઈલ કરતાં
મેંએકદમ કિધું, 'હેપ્પી ફ્રેન્ડશિપ ડે!!
મિત્રો, હેપ્પી ફ્રેન્ડશિપ ડે !!

- સંજય થોરાત

## હરિની દૃષ્ટિ...




તમે ગાંધીનગરનાં બર્થ ડેમાં ઘંટ જોરથી વગાડયો હતો??

## નગરની સુવર્ણ જયંતિએ ગેઝિયા પરિવારે વૃક્ષારોપણ કર્યું

ગાંધીનગર, તા.૩

શહેરના જન્મ દિવસે આખા નગરમાં ઉલ્લાસ છવાયેલો રહ્યો. સૌ કોઈએ પોતાના નગરનો જન્મદિવસ પોતાનો સમજી ઉજવ્યો. અનેક સંસ્થાઓએ સેવાકીય પ્રવૃત્તિઓમાં રસ લીધો. ગાંધીનગર ઈલેકટ્રોનિકસ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા જન્મદિવસ વૃક્ષારોપણ કરી ઉજવવામાં આવ્યો હતો.



પાટનગરનો ૫૦મો જન્મદિવસ ધામધૂમ પૂર્વક ઉજવાયો. શહેરના દરેક ઘરે દિવડા પ્રગટાવ્યા અને કંસાર બનાવવામાં આવ્યો અને નગરમાં વસતા સૌ કોઈએ યશાશકિત યોગદાન આપ્યું. રાત્રે ૧૨ના ટકોરે ઘંટનાદ કરી શહેરમાં ઉજવણી થઈ. ગાંધીનગર ઈલેકટ્રોનિકસ ઝોન (ગેઝિયા) દ્વારા નગરને હરિયાળુ બનાવવા માટે અને જન્મદિવસને ખાસ બનાવવા માટે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક મેનેજર બી.આર. ગજ્જરે ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યું. કાર્યક્રમમાં ગેઝિયા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. તાજેતરમાં ભારતના ૨૦માં કાયદાપંચના સભ્ય તરીકે કોને નિયુક્તિ કરવામાં આવ્યા ?
➜ **વ્રજ નારાયણ મણિ, ડો. ગુરૂજીત સિંહ**
૨. ભારતના ૨૦માં કાયદાપંચનો સમયગાળો શું છે ?
➜ **૨૦૧૨-૨૦૧૫**
૩. તાજેતરમાં પાકિસ્તાનમાં નેશનલ એસેમ્બલીના અધ્યક્ષ તરીકે કોણ ચુંટાઇ આવ્યું ?
➜ **અયાઝ સાદિક**
૪. તાજેતરમાં પાકિસ્તાનમાં નેશનલ એસેમ્બલીના અધ્યક્ષપદે ચુંટાઇ આવનાર અયાઝ યાદિક કઈ પાર્ટીના નેતા છે ?
➜ **પાકિસ્તાન મુસ્લિમ લીગ નવાઝ**
૫. ૨૦૧૩માં બરાક ઓબામાના નવા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર પદે કોની નિયુક્તિ કરવામાં આવી ?
➜ **સુસેન રાઇસ**
૬. ૨૦૧૩માં બરાક ઓબામાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર પદે નિયુક્ત થનાર સુસેન રાઈસ કોના અનુગામી બન્યા ?
➜ **ટોમ ડેનિયલ**
૭. ૨૦૧૩માં ભારતીય ક્રિકેટ બોર્ડના ખજાનચી તરીકે કોની નિમણંક થઈ છે ?
➜ **રવિ સાવંત**
૮. ૨૦૧૩માં ભારતીય ક્રિકેટ બોર્ડના ખજાનચી તરીકે નિમણૂંક પામનાર રવિ સાવંત કોના અનુગામી બન્યા ?
➜ **અજય શિર્કે**
૯. ૨૦૧૩માં ભારતીય ક્રિકેટ બોર્ડના ખજાનચી તરીકે નિમણૂંક પામનાર રવિ સાવંત તેના પહેલાં શેના અધ્યક્ષ હતા ?
➜ **મુંબઇ ક્રિકેટ એસોસિયેશન**
૧૦. તાજેતરમાં જે.કે. ગ્રુપ ઓફ ઓર્ગેનાઈઝેશનના અધ્યક્ષ તરીકે કોની વરણી થઈ છે ?
➜ **ડો. ગૌર હરિ સિંઘાનિયા**
૧૧. તાજેતરમાં જે.કે. ગ્રુપ ઓફ ઓર્ગેનાઈઝેશનના અધ્યક્ષ તરીકે નિમણૂંક પામનાર ડૉ. ગૌર હરિ સિંઘાનિયાએ કોનું સ્થાન લીધું ?
➜ **હરિશંકર સિંઘાનિયા**
૧૨. તાજેતરમાં 'ધ ઈન્ડિપેન્ડન્ટ' અખબારના તંત્રી તરીકે કોની નિમણૂંક થઈ ?
➜ **ભારતીય મૂળના અમોલ રાજન**
૧૩. 'ધ ઈન્ડિપેન્ડન્ટ' કયા દેશનું અખબાર છે ?
➜ **લંડન**
૧૪. તાજેતરમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને સિવિલ ડિફેન્સ ડિરેકટર જનરલ પદે કોની નિમણૂંક થઈ ?
➜ **ક્રિષ્ના ચૌધરી**
૧૫. તાજેતરમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને સિવિલ ડિફેન્સ ડિરેકટર જનરલ પદે કોની નિયુક્ત થનાર ક્રિષ્ના ચૌધરીએ કોનું સ્થાન લીધું ?
➜ **પી.એમ. નાયર**
૧૬. તાજેતરમાં મોંગોલિયાના રાષ્ટ્રપતિ પદે કોણ ચુંટાઇ આવ્યું ?
➜ **એલ્બેગદોર્ઝ ત્યાબિયા**
૧૭. ૨૦૧૩માં કેન્દ્રિય માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવપદે કોની નિમણૂંક થઈ છે ?
➜ **બિમલ ઝુકલાની**
૧૮. ૨૦૧૩માં કેન્દ્રિય માહિતી અને પ્રસાર મંત્રાલયના સચિવ પદે નિમણૂંક પામનાર બિમલ ઝુકલાની કોના અનુગામી બન્યા ?
➜ **ઉદયકુમાર વર્મા**
૧૯. ૧૫, જૂન ૨૦૧૩ના રોજ કયા તમિલ ફિલ્મ નિર્દેશક અને અભિનેતાનું નિધન થયું ?
➜ **મણિવન્નમ**
૨૦. તાજેતરમાં કયા સીપીઆઈના પૂર્વ ધારાસભ્યનું નિધન થયું ?
➜ **સતપાલ ડાંગ**

## ભરણપોષણની રકમ નક્કી થઈ ગયા બાદ સંજોગોમાં ફેરફાર થતાં ભરણપોષણની રકમમાં વધારો કઈ રીતે અને કેવા સંજોગોમાં થઈ શકે તે વિશે સમજીએ

### મહિલા સમાજ અને કાયદો

ડૉ. ભાવના કે. જોશીપુરા

આપણે મહિલાઓને સ્પર્શતા કાયદા સંદર્ભે આ કોલમમાં ચર્ચા કરી રહયા છીએ. ગત્ અંકમાં આપણે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૫(૩) મુજબ ભરણપોષણ વસુલાત કઈ રીતે લઈ શકાય તે કલમ અંગેની ચર્ચા કરી, જેમાં આપણે ઈલાબેનના કેસના ઉદાહરણથી વિગતવાર સમજણ મેળવેલ. હવે આપણે ભરણપોષણની રકમ નકકી થઈ ગયા બાદ સંજોગોમાં ફેરફાર થતાં ભરણપોષણની રકમમાં વધારો કઈ રીતે અને કેવા સંજોગોમાં થઈ શકે તે વિશે સમજીએ તો,

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૭ માં ભરણપોષણની રકમમાં ફેરફાર અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૭ માં બંને પક્ષકારમાંથી કોઈપણ એક પક્ષકાર મૂળ અરજીમાં જે હુકમ થયો હોય તે રકમમાં ફેરફાર કરવા માટે જે અરજી કરે તે આ કલમ અંતર્ગત થાય છે. જો મેજીસ્ટ્રેટને એમ લાગે કે જે વ્યકિતએ અરજી કરેલ છે તેના સંજોગોમાં ફેરફાર થયા છે તો તે પ્રમાણે હુકમ થઈ શકે છે. મેજીસ્ટ્રેટને એમ જણાય કે કાયદેસર સતા ધરાવતી કોઈ દીવાની કોર્ટના નિર્ણયને પરિણામે કલમ ૧૨૫ મુજબ કરેલો હુકમ રદ્ કરવો જોઈએ અથવા તેમાં ફેરફાર કરવો જોઈએ ત્યારે, તેણે યથાપ્રસંગ, તે હુકમ રદ કરવો જોઈએ અથવા તેમાં તે અનુસાર ફેરફાર કરવો જોઈએ.

પતિએ જેને છૂટાછેડા આપેલા હોય અથવા જેણે પતિ પાસેથી છૂટાછેડા મેળવ્યા હોય તે સ્ત્રીની તરફેણમાં કલમ ૧૨૫ હેઠળ કોઈ હુકમ કરવામાં આવે ત્યારે, મેજીસ્ટ્રેટની ખાતરી થાય કે,

(એ) એવા છુટાછેડાની તારીખ પછી, તે સ્ત્રીએ પુનઃ લગ્ન કર્યું છે, તો તેણે તેના પુનઃલગ્નની તારીખથી એવો હુકમ રદ્ કરવો જોઈશે.

(બી) તે સ્ત્રીને તેના પતિ એ છૂટાછેડા આપ્યા છે અને સદરહુ તારીખ પહેલા કે પછી, જ તેણે પક્ષકારોને લાગુ પડતા રૂઢ કે વ્યકિતગત કાયદા હેઠળ એવા છૂટાછેડા વખતે આપવાની સમગ્ર રકમ મેળવી છે તો તેણે તેવો હુકમ નીચેની તારીખમાં રદ કરવો જોઈએ.

(૧) તે રકમ હુકમ તથાં પહેલાં આપવામાં આવી હોય ત્યારે હુકમની તારીખથી.

(૨) તેમ ન હોય ત્યારે પતિએ ભરણપોષણની રકમ ખરેખર જે મુદત સુધી આપી હોય તે મુદત પૂરી થયાની તારીખથી તે મુદત વિત્યા બાદ,

(૩) તે સ્ત્રીએ પતિ પાસેથી છૂટાછેડા મેળવ્યા હોય અને તેણે છૂટાછેડા પછી પોતાના ભરણપોષણનો હકક સ્વૈચ્છિક રીતે જતો કર્યો હોય, તે તારીખથી હુકમ રદ કરશે.

(૪) જેના લાભમાં કલમ ૧૨૫ હેઠળ ભરણપોષણની માસિક રકમ આપવાનો હુકમ કરવામાં આવ્યો હોય ત્યારે ભરણપોષણની રકમ અથવા મહેરની રકમ માટે દિવાની કોર્ટ હુકમનામું કરે તે વખતે તે હુકમ અનુસાર તેને આપવામાં આવેલી કે તેણે વસૂલ કરેલી રકમ ધ્યાનમાં લેવી જોઈએ.

આ કલમમાં અગાઉ કરવામાં આવેલ ભરણપોષણની રકમના હુકમમાં કયારે ફેરફાર કરી શકાય તે અંગેની જોગવાઈ કરવામાં આવી છે. સામાન્ય રીતે અરજદારના ખર્ચમાં વધારો થાય, સામાવાળાની આવકમાં વધારો થાય, અથવા સામાવાળાની આવકમાં ઘટાડો થાય તેવા સંજોગોમાં અરજદાર કે સામાવાળાથી ભરણપોષણની રકમના હુકમમાં ફેરફાર કરાવવા માટે અરજી કરી શકાય.

આ કલમમાં સ્પષ્ટ જોગવાઈ છે કે પતિની આવકમાં વધારો થાય અથવા બીજી કોઈ રીતે હકીકત કે સંજોગોમાં ફેરફાર થાય તો ભરણપોષણની રકમમાં વધારો કે ઘટાડો કરી શકાય. જો પત્ની પુનઃ લગ્ન કરે તો હુકમ રદ કરી શકાય છે.

હવે આપણે હિન્દુ મેરેજ એકટ કલમ - ૨૪ અંગે સમજીએ તો, આ એકટ ૧૯૫૫ થી અસ્તિત્વમાં આવેલ છે. મુસ્લીમ કાયદા મુજબ લગ્ન એ કરાર છે જયારે હિન્દુ કાયદા મુજબ લગ્ન એ સંસ્કાર છે. હિન્દુ ધર્મમાં બાળકનો જન્મ થાય ત્યારથી મૃત્યુ પામે ત્યાં સુધી વ્યકિત સોળ સંસ્કાર પામે છે અને આમ લગ્ન એ સોળ સંસ્કાર પૈકી એક છે. પતિ અને પત્ની વચ્ચે જયારે ખટરાગ ઉભી થાય અને બંનેને એકબીજાથી છુટા પડવાનું થાય ત્યારે પતિ અને પત્ની અરસપરસ બે પ્રકારે દાવા દાખલ કરી શકે છે. (૧) લગ્નના હકકો પુરા કરવા સંદર્ભે (કલમ-૯) તથા (૨) છૂટાછેડા સંદર્ભે (કલમ-૧૩), જયારે પતિ પક્ષ તરફથી અથવા તો પત્ની પક્ષ તરફથી લગ્નના હકકો પુરા કરવા અથવા છૂટાછેડા માટે દાવો દાખલ કરવામાં આવે છે ત્યારે ચાલતા કામે વચગાળાના ભરણપોષણ અને કોર્ટ ખર્ચ વગેરે બાબતે જે અરજી થાય છે તે આ કલમ અંતર્ગત કરવામાં આવે છે.

આપણે જાણીએ છીએ કે પતિ મુંબઈ, મદ્રાસ, કલકતા કે એ પૂકારના દૂરના સ્થળે રહેતો હોય અને પતિ તરફથી લગ્નના હકક પુરા કરવા અથવા છૂટાછેડાનો દાવો દાખલ કરવામાં આવે ત્યારે સ્વભાવિક રીતે દુરસુદુર રહેતી પત્ની તથા તેના સગાના મનમાં ખૂબ મૂંઝવણ ઉભી થાય છે. ખાસ તો દુરના ગામની કોર્ટમાં જવા આવવાનો ખર્ચ, આ જવા આવવાના ખર્ચમાં ટિકિટ ભાડું, નાસતો, જમવાનું વગેરેનો સમાવેશ થાય છે તદ્ ઉપરાંત કેટલીકવાર સ્ત્રીને નાનું બાળક હોય તો તેવા સંજોગોમાં એકલી મુસાફરી કરી શકતી નથી અને આવા સમયે કુટુંબના અન્ય સભ્યને આવી સ્ત્રી સાથે બહાર ગામ કોર્ટમાં જવું આવવું પડે છે જે વ્યકિત આ રીતે સાથે જતો હોય તે વ્યકિતને પણ કોર્ટમાં જવા આવવવાના સમય દરમ્યાન આવકની નુકસાની જાય છે. વળી દૂરનું ગામ હોય તો વધારે દિવસની મુસાફરી થાય છે. આ બધી બાબતને લઈને સ્વાભાવિક રીતે સ્ત્રી પક્ષના મનમાં મૂંઝવણ ઉભી થાય છે. આવી મૂંઝવણના ઉકેલ માટે જ કદાચ કાયદાની આ જોગવાઈ હોય તેવું લાગે છે.

જયારે બહારગામની કોર્ટમાંથી પતિ પક્ષ તરફથી પત્નીને હાજર થવાનું કોર્ટ મારફત સમંસ કે નોટિસ મળે તેવા સંજોગોમાં પત્ની અદાલતમાં હાજર થઈને હિન્દુ મેરેજ એકટ કલમ - ૨૪ નીચે વચગાળાના ભરણપોષણ માટે તથા આવવા જવાના ખર્ચ, વકિલ ફી વગેરે બાબતે અરજી કરી શકે છે.

આ અરજી સાથે સોગંદનામુ કરવું જરૂરી છે. કાયદામાં એવી જોગવાઈ છે કે જો કલમ-૨૪ મુજબની વચગાળાના ભરણપોષણની અરજી અદાલતમાં પેન્ડીંગ હોય તો પ્રથમ તેનો જ નિકાલ કરવો જોઈએ. અત્રે એ પણ નોંધપાત્ર છે કે આ જોગવાઈ મુજબ જો પતિ ઓછી આવક ધરાવતો હોય તો તે પણ પત્ની પાસે ભરણપોષણ માંગી શકે છે. આ કલમ અંતર્ગત ભરણપોષણનો હુકમ સામાપક્ષવાળાનો મોભો એટલે કે સ્ટેટસ મુજબ કરવામાં આવે છે એનો અર્થ એ થયો કે જો પતિ ઘરમાં ફ્રીઝ, ટીવી વગેરે ધરાવતો હોય અને વાહનમાં ફરતો હોય તો તેની પત્નીને આ બધા જ પ્રકારની સગવડતા મળે તે નામદાર અદાલતે ધ્યાનમાં લેવી જોઈએ.

જો પત્નીની તરફેણમાં કલમ-૨૪ મુજબનું ભરણપોષણ મેળવવાનો હુકમ થયો હોય તો પતિ પક્ષ તરફથી ભરણપોષણ વસુલ આપવામાં ન આવે તે સંજોગોમાં પતિએ કરેલ દાવો સ્ટે કરવામાં આવે છે એટલે કે સ્થગીત કરવામાં આવે છે.

મહિલાઓને સ્પર્શતા કાયદા સંદર્ભે અન્ય કલમો સાથે મળીએ આવતે અંકે...